# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ : તૃતીયખંડ

### પ્રશ્નપત્ર-૨

**સમય : બપોરે ૨ થી ૫** **રવિવાર, ૨ માર્ચ, ૨૦૦૮** **કુલ ગુણ : ૧૦૦**

**(વિભાગ : ૧ 'સ્વામિનારાયણ વેદાંત પરિચય' દ્વિતીય આવૃત્તિ, જુલાઈ, ૧૯૯૪ ને આધારે)**

**પ્ર.૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત માહિતી આપો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : નીચેનામાંથી ઓછામાં ઓછા કોઈપણ ચાર હોવા જોઈએ.**

**૧. અક્ષરબ્રહ્મના ચાર પ્રકારો લખી ચિદાકાશરૂપે વ્યાપક સ્વરૂપનું નિરૂપણ કરો. (૩૮ થી ૪૪)**

૧.સદા સાકાર મૂર્તિમાન અક્ષરબ્રહ્મ **૨.** અક્ષરબ્રહ્મ : ધામરૂપ **૩.** અક્ષરબ્રહ્મ : ચિદાકાશરૂપે વ્યાપક **૪.** અક્ષરબ્રહ્મ : પ્રગટ સત્પુરુષરૂપે **અક્ષરબ્રહ્મ : ચિદાકાશ વ્યાપકરૂપે :- (૧)** 'એ જ અક્ષરબ્રહ્મ ચિદાકાશરૂપે અનંતકોટિ બ્રહ્માંડમાં સર્વત્ર બાહ્યાતંર વ્યાપક, તેના આધાર અને સર્વ કારણ છે. અને 'જે, જે થકી મોટો હોય તે, તે થકી સૂક્ષ્મ હોય અને તે તેનું કારણ પણ હોય.' (ગ.પ્ર. ૬૩) **(૨)** જે જે પદાર્થ રહે છે તે અવકાશમાં (અર્થાત્ ચિદાકાશમાં) જ રહે છે અને પદાર્થમાં પણ આકાશ (ચિદાકાશ) વ્યાપીને રહે છે... અને આ બ્રહ્માંડ છે તે પણ આકાશને વિષે રહ્યું છે અને બ્રહ્માંડનું કારણ જે પ્રકૃતિ ને પુરુષ તે પણ આકાશને વિષે છે. એવો જે આકાશ (ચિદાકાશ) તે પ્રકૃતિ, પુરુષ અને તેનું કાર્ય પિંડબ્રહ્માંડ એ સર્વને માંહી પણ રહ્યો છે ને સર્વનો આધાર થઈને બહાર પણ રહ્યો છે. એવો જે આકાશ તે તો સુષુપ્તિને વિષે અથવા સમાધિને વિષે લીન થતો નથી.. ને સર્વનો આધાર જે આકાશ છે તે નિર્વિકારી છે ને અનાદિ છે.. તે આકાશને બ્રહ્મ કહીએ, ચિદાકાશ કહીએ. ને એ આકાશને વિષે પુરુષ ને પ્રકૃતિ તે સંકોચ અવસ્થાને અને વિકાસ અવસ્થાને પામે છે.. તે ચિદાકાશ છે તે અતિ પ્રકાશવાન છે. અનાદિ છે ને તેની ઉત્પત્તિ-વિનાશ નથી. (ગ.પ્ર. ૪૬) **(૩)** આ ચિદાકાશ (આકાશ) અર્થાત્ અક્ષરબ્રહ્મ તો તમોગુણનું કાર્યરૂપ ભૌતિક આકાશ કે જે અંધકારરૂપ છે, વિકારવાન છે, નાશવંત છે, તેનાથી તદ્દન ભિન્ન છે, પર છે અને સચ્ચિદાનંદરૂપ છે ને તેજરૂપ છે. (પ્ર. ૪૬) **(૪)** આ સર્વાધાર ચિદાકાશમાં (તેજમાં) બ્રહ્માંડની કોટિઓ રહેલી છે. તે અક્ષરને (અક્ષરધામને) ઉપર, હેઠે ને ચારે પડખે સર્વ દિશામાં બ્રહ્માંડની કોટિઓ છે. (ગ.મ. ૪૨) **(૫)** આમ, અક્ષરબ્રહ્મ ચિદાકાશરૂપે સર્વત્ર અંદર-બહાર વ્યાપક છે. સર્વ પદાર્થમાં વ્યાપક છે. રજે રજમાં વ્યાપક છે. રજના કોટાનકોટિ કટકા કરીએ તો તેમાં પણ વ્યાપક છે. (ગ.પ્ર. ૪૬ અને ગ.પ્ર. ૬૩) **(૬)** આ ચિદાકાશરૂપ અક્ષરબ્રહ્મ જીવ પ્રાણીમાત્રના હૃદયને વિષે વ્યાપક છે, ને તેને'દહરાકાશ' (હૃદયાકાશ) રૂપે શ્રુતિઓમાં વર્ણવ્યું છે. તે દહરાકાશમાં પણ પુરુષોત્તમનારાયણ મૂર્તિમાન વિરાજમાન છે. (ગ.મ.૧૩)

**૨. જીવનું સ્વરૂપ :- (૫૭ થી ૬૧) (૧)** જીવ પરમાણુ જેવો અતિ સૂક્ષ્મ છે, ચૈતન્યરૂપ છે, પોતાની જ્ઞાનશક્તિએ કરીને સમગ્રદેહમાં નખથી શિખા પર્યંત વ્યાપીને રહ્યો છે. અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, ઇત્યાદિ લક્ષણવાળો છે. **(૨)** જીવ ચેતનદ્રવ્ય છે, જે પોતાના જ્ઞાનરૂપી પ્રકાશે કરીને સર્વ કાંઈ જાણે છે, ગ્રહણ કરે છે. જેમ ઓરડીના મધ્યભાગમાં રાખેલ ફાનસના દીવાની હાજરીથી ઓરડીમાં ચારે કોર ગોઠવેલ સર્વ પદાર્થમાત્રનું જ્ઞાન થાય (દેખાય) છે, તથા દીવાનું તથા દીવાના પ્રકાશનું પણ જ્ઞાન થાય છે; તે જ પ્રમાણે જ્ઞાતૃત્વ શક્તિ દ્વારા સમગ્ર દેહમાં વ્યાપક હોવાથી જ્ઞાનપ્રક્રિયામાં (જાણવા-અનુભવવાની પ્રક્રિયામાં) જે જે પદાર્થને ઇન્દ્રિયો-અંતઃકરણ દ્વારે ગ્રહણ કરીએ છીએ તેનું જ્ઞાન થાય છે, કાંઈ નવું (જાણ્યું) જ્ઞાન થયું- તેનું પણ જ્ઞાન થાય છે અને જેણે જાણ્યું અર્થાત્ જાણનારો જે જીવાત્મા તેનું પણ જ્ઞાન થાય છે. **(૩)** જીવને સ્વ-સ્વરૂપનું જ્ઞાન અહમર્થથી જ થાય છે. આમ, ધર્મભૂતજ્ઞાન, એ ચૈતન્યરૂપ જીવાત્માનું નિત્ય અપૃથક્સિદ્ધ લક્ષણ છે. **(૪)** 'જીવ ચિદ્રૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે એટલું જ નહિ, પરંતુ જ્ઞાતા પણ છે, અર્થાત્ જ્ઞાનનો આશ્રય જીવ જ છે.' **(૫)** ટૂંકમાં જીવ સદા જ્ઞાન શક્તિવાળો છે. તેના ગુણધર્મો દેહના ગુણધર્મોથી ભિન્ન છે. **(૬)** દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ, ઇત્યાદિના સ્વરૂપની વિક્તિ સમજનારો (શ્રોતા) તથા સમજાવનારો (વક્તા) જીવ છે. દેહાદિક સર્વેનું પ્રમાણ કરનારો તથા જાણનારો જીવ છે. દેહાદિક સર્વેથી જીવ વિલક્ષણ છે. (ગ.પ્ર. ૩૮) **(૭)** જીવ સત્તામાત્ર છે, અર્થાત્ સ્વંય-અસ્તિત્વવાળો, દેહની અપેક્ષાએ રહિત નિરપેક્ષ સત્તા-અસ્તિત્વવાળો છે. **(૮)** દશ ઇન્દ્રિયો ને ચાર અંતઃકરણ દ્વારે જીવ સર્વે વિષયોનું ગ્રહણ કરે છે. (જે. ૨) **(૯)** જીવ ચૈતન્યદ્રવ્ય છે; પરંતુ તેનો ચોંટવાનો સ્વભાવ છે. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ-શરીરરૂપ માયિક સંબંધને લીધે જીવ પોતાને અજ્ઞાની અને બદ્ધ માને છે. (ગ.મ. ૬૬) **(૧૦)** જીવ પરમેશ્વરના અંશ નથી. એ તો અનાદિ જીવ જ છે. વળી, પરબ્રહ્મ કે અક્ષરબ્રહ્મ ચ્યવીને વિકાર પામીને અસંખ્ય જીવરૂપે થાય છે કે ભાસે છે તેમ નથી જ. (ગ.અં. ૧૦, ગ.પ્ર. ૪૧, પં. ૨, ગ.મ. ૩ના આધારે) તેમજ એક જ જીવ અનેકરૂપે થાય છે, તેમ પણ નથી. (ગ.પ્ર. ૧૩) **(૧૧)** ઊલટાનું જીવ એક નિત્ય ભેદ તરીકે ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મથી ભિન્ન છે. **(૧૨)** જીવ, દેહ ઇન્દ્રિયો-અંતઃકરણનો અધિષ્ઠાતા છે, તેનો શરીરી છે. દેહનાં વિકાર,

નુકશાન કે નાશથી જીવને કશો જ વિકાર, નુકશાન કે નાશ થતો નથી, જીવ અવિનાશી છે. **(૧૩)** જીવો અનંત-અસંખ્યાત છે. પ્રત્યેક સજીવતંત્રમાં (દેહમાં) ભિન્ન જીવ છે. જીવો ઈશ્વરોથી ભિન્ન છે, નિમ્ન છે. સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહથી યુક્ત છે. **(૧૪)** જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણ જીવની માયા (અવસ્થા) છે. દરેક સજીવતંત્રમાં જીવ કર્તા છે, પરંતુ જીવનું કર્તાપણું પરમેશ્વરને આધીન છે. જીવ પરાધીન છે, પરતંત્ર છે, અસમર્થ છે. જ્યારે પરમાત્મા તેનો આધાર છે, સર્વતંત્ર-સ્વતંત્ર છે અને અતિસમર્થ છે. સામાન્ય અર્થમાં જીવ ધારે તે કરવાને સ્વતંત્ર છે; પરંતુ જીવની કર્તૃત્વશક્તિ પરમાત્માને આધીન છે. એ જીવ જે જે ક્રિયાને વિષે પ્રવર્તે છે તે ભગવાનની જે ક્રિયાશક્તિ તેના અવલંબને કરીને પ્રવર્તે છે. (ગ.પ્ર. ૬૫) **(૧૫)** અર્થાત્ જીવ-ઈશ્વરો સર્વેમાં અંતર્યામી પરમેશ્વરની પ્રેરકશક્તિને કારણે ક્રિયામાણ શક્ય બને છે, પરંતુ અનાદિકાળથી જીવને અવિદ્યા-કર્મરૂપ ઉપાધિ વળગેલી છે. તેને લીધે જીવ જુદી જુદી યોનિમાં વિવેક-મર્યાદા ભૂલીને કર્મો કરે છે. સારાં-નરસાં કર્મો કરીને પોતે જ પોતાનું પ્રારબ્ધ ઘડે છે. આમ અવિદ્યા, કર્મ અને પ્રારબ્ધવશ જીવ સારાં-નરસાં કર્મોની પસંદગી જાતે જ કરે છે, તે કારણે સુખી-દુઃખી થાય છે; પરંતુ સત્શાસ્ત્ર અને સત્પુરુષના સંગે સાચું માર્ગદર્શન ગ્રહણ કરી, જીવ આ બંધનમાંથી મુક્ત થઈ, અબંધક કર્મો કરી, આત્યંતિક મોક્ષ સાધી શકે છે. **(૧૬)** આમ, જીવને મળેલું સંકલ્પસ્વાતંત્ર્ય ( freedom of will, freedom of choice) પરમાત્માનું આપેલું છે પરંતુ જીવ જે કર્મોની પસંદગી કરે છે અને જેના આધારે કર્મો કરે છે તે સર્વે તેના અવિદ્યાકર્મના બંધન દ્વારા થયેલાં હોય છે. માટે જીવને મળેલાં સમર્થપણાને કર્તાપણાને અને સંકલ્પસ્વાતંત્ર્યને, આપણે 'પરમેશ્વરદત્ત-સ્વાંત્ર્ય' તરીકે ઓળખાવી શકીએ. **(૧૭)** ટૂંકમાં જીવની ક્રિયાશક્તિ, ઈચ્છાશક્તિ અને જ્ઞાનશક્તિ પોતાના અવિદ્યાકર્મની ઉપાધિથી સીમિત છે, અને પરમાત્માને આધીન છે. જીવ અનાદિકાળથી માયાવેષ્ટિત છે, અર્થાત્ અવિદ્યાકર્મથી બદ્ધ છે. તે કર્મને અનુસાર એ જીવને ભગવાન જે તે ઉદ્‌ભિજ, જરાયુજ, સ્વેદજ અને અંડજ જાતિના જે દેહ તેને પમાડે છે, અને સુખ-દુઃખરૂપ જે કર્મનાં ફળ તેને પમાડે છે, અને તે જીવના કર્મને અનુસારે તેના દેહ થકી બીજા દેહને સૃજે છે. (ગ.પ્ર. ૧૩) તેને લીધે જીવ સુખદુઃખ, જન્મ-જરા-મૃત્યુ અને સંસારની જુદી જુદી યોનિમાંથી પસાર થાય છે. **(૧૮)** દેહની અપેક્ષાએ જીવ સમર્થ છે, જ્યારે દેહ અસમર્થ છે. જીવ કર્તા છે, ભોક્તા છે, જ્ઞાતા છે, મન, ઈન્દ્રિયો, દેહ એ સર્વે જીવનું ક્ષેત્ર છે અને જીવ એ સર્વેનો ક્ષેત્રજ્ઞ છે. **(૧૯)** જીવો અને ઈશ્વરો એ સર્વને વિષે અંતર્યામીપણે વ્યાપીને પરમાત્મા સદા અવસ્થિત છે. પરમેશ્વર જીવોના કર્મફળપ્રદાતા છે. પરમેશ્વર એ જીવોને જ્યારે કર્મફળને ભોગવાવે છે ત્યારે તે ભોગવે છે. (ગ.પ્ર. ૬૬) **(૨૦)** અને જીવોને સુખદુઃખનો સંબંધ થાય છે (ફળરૂપે) તે સર્વે પુરુષોત્તમ ભગવાનના હાથમાં છે. (ગ.પ્ર. ૭૮) **(૨૧)** જન્મમરણનું ભોક્તા એવું જે જીવનું સ્વરૂપ તે (તેનું) અન્વય જાણવું. (સા. ૫) અર્થાત્ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહને વિષે એકાત્મપણે જે વર્તવું તે જીવનું અન્વયપણું છે. (ગ.પ્ર. ૭) અને દેહને વિષે સુખ-દુઃખનો યોગ થાય છે ત્યારે તે સુખ-દુઃખને જીવ પોતાને વિષે માને ત્યારે તે જીવ અન્વયપણે છે. (ગ.પ્ર. ૭૮) **(૨૨)** ત્રણ દેહથી પૃથક્‌પણે સત્તામાત્ર જે કહે તે જીવનું વ્યતિરેકપણું છે. (ગ.પ્ર. ૭) **(૨૩)** જ્યારે ત્રણે દેહનાં સુખ-દુઃખથી પોતાને ન્યારો સમજે ત્યારે એ જીવ વ્યતિરેક છે. (ગ.પ્ર. ૭૮) **(૨૪)** અછેદ્ય, અભેદ્ય, અવિનાશી એવું જે જીવનું સ્વરૂપ તે વ્યતિરેક જાણવું. (સા. ૫) **(૨૫)** સાકાર ભગવાનની ઉપાસનાથી જીવાત્મા માયાના બંધનથી મુક્ત થઈ મોક્ષને પામી શકે છે. ભગવાને બાંધેલી ધર્મમર્યાદાનું પાલન (કર્મ), વૈરાગ્ય (અનાસક્તિ), બ્રહ્મ-પરબ્રહ્મના સદા સાકાર સ્વરૂપનું જ્ઞાન તથા સદા સાકાર પરબ્રહ્મની ઉપાસના-ભક્તિ - આ ચાર સાધનવાળી એકાંતિકી સાધનાથી જીવ પર પરમાત્માનો અનુગ્રહ થાય છે અને જીવનો મોક્ષ થાય છે. **(૨૬)** જીવ નિરાકાર અર્થાત્ નિરવયવ છે, પરંતુ પ્રકટ સાકાર અક્ષરબ્રહ્મની સાથે પોતાના આત્માની એકતા કરવાથી અને સદા સાકાર પરબ્રહ્મની ઉપાસનાથી મુક્તિ અવસ્થામાં સાકારપણું (દિવ્યતનુ-ભાગવતી તનુ) પ્રાપ્ત કરે છે.

**૩. પરબ્રહ્મનું મૂળસ્વરૂપ : (૨૫ થી ૨૮)** **(૧)** પરબ્રહ્મ સર્વના પ્રેરક છે. તેમના ડોલાવ્યા વિના એક તૃણ પણ ડોલવા સમર્થ નથી. (ગ.પ્ર.૬૪ ને ગ.પ્ર.૭૮) **(૨)** અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે. (ગ.અં. ૩૨) **(૩)** સર્વકર્તા છે. સર્વ કારણના કારણ છે. અતિ સમર્થ છે. કર્તુમ્-અકર્તુમ્-અન્યથાકર્તુમ્ સમર્થ છે. (લો. ૧૩) **(૪)** પોતાની (બ્રહ્મરૂપ એવી) અંતર્યામી શક્તિએ કરીને સર્વેને વિષે વ્યાપક છે, ને મૂર્તિમાન થકા સર્વથી જુદા છે. (ગ.મ. ૧૩ ને ગ.પ્ર. ૪૫) **(૫)** એ ભગવાન વિના બીજો કોઈ જગતનો કર્તા છે નહિ. (ગ.પ્ર. ૩૭) **(૬)** એ ભગવાન જેવો થવાને કોઈ સમર્થ નથી. (ગ.મ. ૬૭) **(૭)** ભગવાનનું સ્વરૂપ, તે તો માયા ને માયાના જે ગુણ તે થકી પર છે અને સર્વ વિકારે રહિત છે. (ગ.પ્ર. ૨૪) **(૮)** માયાને વિષે તથા માયાનાં ચોવીસ તત્ત્વને વિષે ભગવાન આવે ત્યારે તે માયા અને તત્વો પણ બ્રહ્મરૂપ અને નિર્ગુણ થઈ જાય તેવા શુદ્ધ, અવિકારી, નિર્લેપ અને દિવ્ય છે. (વર. ૭) **(૯)** ભગવાનને અતિશય નિર્દોષ અને દિવ્ય સમજે તો ગમે તેવો દોષયુક્ત મુમુક્ષુ પણ અતિશય નિર્દોષ થઈ જાય, એવો એ ભગવાનના સ્વરૂપનો મહિમા છે. (ગ.પ્ર. ૨૪) **(૧૦)** સર્વાન્તર્યામી અને સર્વજ્ઞ એવા ભગવાન એકકાળાવિછિન્ન બધું જાણે છે. અનંત કોટિ બ્રહ્માંડને વિષે રહ્યા એવા જે જીવ ને ઈશ્વર તેને જેમ હથેળીમાં જળનું ટીપું હોય ને તેને દેખે, તેમ ભગવાન દેખે છે. (ગ.મ. ૫૩) **(૧૧)** ભગવાન છે તે અનેક બ્રહ્માંડના રાજાધિરાજ છે.(ગ.અં. ૩૯) **(૧૨)** ભગવાનની મૂર્તિ પરમ ચૈતન્ય સચ્ચિદાનંદમય છે. (પં. ૭) અતિ રૂપવાન છે, અતિ તેજસ્વી છે. (લો. ૧૩) **(૧૩)** જેના એક એક રોમને વિષે કોટિ કોટિ સૂર્ય જેવો પ્રકાશ છે, ને કોટિ કામદેવને લજ્જા પમાડે એવા તે ભગવાન રૂપાળા છે. અતિશય સુખસ્વરૂપ છે, જેના સુખની આગળ અનંત રૂપવાન સ્ત્રીઓને જોવાનું સુખ તુચ્છ થઈ જાય છે અને આ લોક અને પરલોક સંબંધી જે પંચવિષયનાં સુખ તે ભગવાનની મૂર્તિના સુખ આગળ તુચ્છ થઈ જાય છે, એવું ભગવાનનું સ્વરૂપ છે. તે સ્વરૂપ સદા દ્વિભુજ છે. (લો. ૧૮) **(૧૪)** સર્વે સુખમય મૂર્તિ તો એ ભગવાન જ છે. (ગ.અં. ૨૮) **(૧૫)** તે સુખ

નિર્ગુણ છે, અખંડ છે, અવિનાશી છે. (વર. ૯) **(૧૬)** ભગવાનનો મહિમા અપાર, નેતિ-નેતિ છે. (ગ.મ. ૫૩) **(૧૭)** ભગવાન માયિક કરચરણાદિકે રહિત, પરંતુ દિવ્ય કરચરણાદિકે સહિત છે. (ગ.પ્ર. ૪૫) **(૧૮)** દ્વિભુજ-દ્વિચરણયુક્ત, સદા દિવ્ય, મનુષ્યાકૃતિ ભગવાનનું સ્વરૂપ છે. અતિ મનોહર છે. સદા કિશોરમૂર્તિ છે. કેવળ ભગવાન જ નિર્ગુણ છે, ગુણાતીત છે, અમાયિક છે, દિવ્ય છે. (ગ.મ. ૧૩) **(૧૯)** જ્યારે ભગવાનની મોટ્યપ સામું જોઈએ, ત્યારે તો એવું કોઈ પદાર્થ છે જ નહીં જે, તેની કોટિમાં ભાગના પાશંગમાં પણ આવે. (ગ.મ. ૫૭) **(૨૦)** અને ભગવાનનું જે સ્વરૂપ છે તેમાં તો સર્વે સુખ ભેળાં રહ્યાં છે. તે એક દર્શને કરે તો પણ તે ભક્ત પૂર્ણકામ થઈ જાય. (ગ.મ. ૧) **(૨૧)** અર્થાત્ બીજા માયિક જે પંચવિષય છે તેમાં તો એક વિષયનો સંબંધ થાય ત્યારે એક વિષયનું જ સુખ પ્રાપ્ત થાય પણ બીજાનું ન થાય..... અને ભગવાનમાં તો સર્વે વિષયનું (દિવ્ય) સુખ એક કાળે પ્રાપ્ત થાય છે ને તે સુખ મહાઅલૌકિક છે ને અખંડ અવિનાશી છે. (ગ.અં. ૨૭, પંચાળા-૪) **(૨૨)** તે ભગવાનનું જે એક નિમેષમાત્રનું દર્શન તે ઉપર અનંતકોટિ બ્રહ્માંડના જે વિષયસુખ છે તે સર્વેને વારીફેરીને નાખી દઈએ અને ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ જો અનંતકોટિ બ્રહ્માંડનાં વિષય સુખ ભેળાં કરીએ તો પણ તેના કોટિમા ભાગની બરોબર પણ થાય નહીં. (સા. ૧) અને અનંતકોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ-સ્થિતિ અને પ્રલય. તેમના એક સંકલ્પમાત્રે કરીને થાય છે, તેવા એ ભગવાન મોટા છે. **(૨૩)** કેવળ ભગવાન જ કર્મફળદાતા છે. ધર્મ-એકાંતિક ધર્મના ધારક છે. સ્થળ-કાળ-પરિમાણ-મર્યાદાઓથી પર છે. દેશ, કાળ, કર્મ, માયા, ઈત્યાદિનું ભગવાન જેટલું ચાલવા દે તેટલું જ ચાલે છે. પરમેશ્વરનાં ગમતાં બહાર, અણુમાત્ર પણ એ બધાં કંઈ કરી શકતાં નથી. (ગ.મ. ૨૧) **(૨૪)** ક્ષર-અક્ષરથી વિશિષ્ટ હોવાને લીધે અનંતકોટિ બ્રહ્માંડોનું નિમિત્ત કારણ તથા ઉપાદાન કારણ ભગવાન છે. પોતાના દિવ્યધામમાં સદાય વ્યતિરેક સ્વરૂપે રહ્યાં થકાં અન્વયપણે (અંતર્યામી શક્તિથી) અક્ષરબ્રહ્મથી લઈને ઈન્દ્રાદિ દેવતા પર્યંત સર્વેને વિષે તારતમ્યતાએ કરીને રહ્યા છે. સર્વોપરિ, અન્યથાકર્તુંમ્ શક્તિધારક તો કેવળ પરબ્રહ્મ જ છે. કારણ કે, જે અક્ષરધામને વિષે પોતે રહ્યા છે, તે અક્ષરને પણ લીન કરીને પોતે સ્વરાટ્ થકા એકલા જ વિરાજમાન રહે અને પોતાને મનમાં આવે તો એ અક્ષરધામ વિના પણ અનંતકોટિ મુક્તને પોતાને ઐશ્વર્યે કરીને ધારવાને સમર્થ છે.... તેમ એ નારાયણ પોતાને ઐશ્વર્યે કરીને સર્વોપરિ વર્તે છે. (લો. ૧૩) **(૨૫)** તેથી જ ભગવાન પુરુષોત્તમને ઈન્દ્રિયો-અંતઃકરણને અગોચર એવા પરબ્રહ્મ કહ્યા છે. (લો. ૪ ને લો. ૭)

**પ્ર-૨ નીચેનામાંથી કોઈપણ બે વિષે નોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ : નીચેનામાંથી ઓછામાં ઓછા કોઈપણ ત્રણ હોવા જોઈએ.**

**૧. અનુપ્રવેશથી અવતારો : (૩૧ થી ૩૩)** **(૧)** સર્વ અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે. (ગ.મ. ૧૩) **(૨)**આ વાત સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે : અક્ષરધામના પ્રકાશને વિષે જે ભગવાનની મૂર્તિ છે તેને આત્માનું તત્ત્વ કહીએ તથા પરબ્રહ્મ કહીએ તથા પુરુષોત્તમ કહીએ. તે જ ભગવાન રામકૃષ્ણાદિક રૂપે કરીને પોતાની ઈચ્છાએ જીવોના કલ્યાણને અર્થે યુગ યુગને વિષે પ્રગટ થાય છે. તે ભગવાન આ લોકને વિષે મનુષ્ય જેવા જણાય છે તો પણ મનુષ્ય જેવા નથી. ને અક્ષરધામના પતિ છે. (ગ.મ. ૧૩) **(૩)** સર્વ અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે. (ગ.મ. ૧૩) **(૪)**તે એ અવતાર ક્યારે થાય છે એ સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે : બ્રહ્માંડ બ્રહ્માંડના જે બ્રહ્મા, વિષ્ણુ ને શિવ તે ભગવાનની પ્રાર્થના કરે છે જે, 'હે મહારાજ ! તમે અમને દયા કરીને દર્શન દ્યો અને અમારા બ્રહ્માંડમાં પધારો.' ત્યારે એ જે ભગવાન તે બ્રહ્માંડમાં દેહનું ધારણ કરે છે, તે જ્યાં જેવું કાર્ય ત્યાં તેવા દેહનું ધારણ કરે છે ને તેવી રીતે જ વર્તે છે. જો દેવમાં દેહ ધારણ કરે છે તો દેવના જેવી જ ચેષ્ટા કરે છે તથા પશુના દેહનું ધારણ કરે છે ત્યારે તે પશુની પેઠે જ વર્તે છે.....અને એ ભગવાન મનુષ્યના દેહને ધારણ કરે છે ત્યારે મનુષ્યના જેવી જ ક્રિયા કરે છે. (પંચાળા -૪) **(૫)**(અને તે) ભગવાન પોતાના દિવ્યભાવનો સંકોચ કરીને પોતાના ભક્તને પોતામાં હેત થાય તે સારુ માણસ જેવા જ ભગવાન થાય છે પણ દિવ્યભાવ જણાવતા નથી... પોતાનો દિવ્યભાવ છે તેને છુપાવી રાખવો તે ઉપર જ (ભગવાનની) પોતાની દૃષ્ટિ રહે છે, અને તે છુપાવતે છુપાવતે કદાચિત્ પોતે કોઈક કાર્યમાં ઉતાવળા થઈ જાય છે, ત્યારે દિવ્યભાવ જણાઈ આવે છે. અને ક્યારેક પોતે પોતાની ઈચ્છાએ કરીને પણ પોતાના કોઈ ભક્તને જણાવે છે. (પંચાળા-૪) **(૬)** ટૂંકમાં પોતાનું ઐશ્વર્ય અને તેજ તેને પોતામાં સમાવીને મનુષ્ય જેવા થાય છે. (ગ.પ્ર. ૬૩) **(૭)** વૈરાજપુરુષ દ્વારાએ (ભગવાનના) અવતાર થાય છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે, તે તો એમ સમજવું જે, એ જે (અક્ષરાતીત પુરુષોત્તમ એવા જે) વાસુદેવ નારાયણ તે પુરુષરૂપે (અક્ષરાત્મક મૂળપુરુષ/મહાપુરુષરૂપે) કરીને વૈરાજપુરુષને વિષે આવીને વિરાજમાન હોય, ત્યારે અવતાર કહ્યા છે. માટે અવતાર તો સર્વે વાસુદેવ ભગવાનના જ છે. અને એ વાસુદેવ ભગવાન જ્યારે પ્રતિલોમપણે એ વૈરાજપુરુષ થકી નોંખા પડી જાય, ત્યારે એ કેવળ વૈરાજપુરુષ થકી અવતાર સંભવે જ નહીં. (ગ.મ. ૩૧) **(૮)** કારણ કે, ભગવાન પોતાની મૂર્તિને જ્યાં જેટલી દેખાડવી જોઈએ ત્યાં તેવી પોતાની ઈચ્છાએ કરીને દેખાડે છે અને જ્યાં જેટલો પ્રકાશ કરવો ઘટે ત્યાં તેટલો પ્રકાશ કરે છે. (લો. ૪) **(૯)** ટૂંકમાં, અંશાવતાર, આવેશાવતાર, કળાવતાર ઈત્યાદિ પ્રકારે જે અવતારો છે, તે સર્વે વૈરાજપુરુષમાંથી (અર્થાત્ ઈશ્વરકોટિના ચૈતન્યમાં, મૂળપુરુષદ્વારાએ કરીને) પુરુષોત્તમ ભગવાનના તત્-તત્કાળ પૂરતાં તત્-તત્ પ્રકારના અંતર્યામીશક્તિ દ્વારા અનુપ્રવેશથી થાય છે. (પંચા. ૭) **(૧૦)**અને જેને વિષે એ પુરુષોત્તમ ભગવાનનો પ્રવેશ થાય છે. તેને પોતાના પ્રકાશે કરીને લીન કરી નાંખીને પોતે જ તે રૂપે કરીને સર્વોત્કર્ષપણે વિરાજમાન થકા રહે છે. અને જેને વિષે પોતે વિરાજમાન રહે છે તેના પ્રકાશને પોતે

ઢાંકીને પોતાનો પ્રકાશ પ્રકટ કરે છે..... અને જે કાર્યને અર્થે પોતે જેમાં પ્રવેશ કર્યો હતો, તે કાર્ય કરી રહ્યા કેડે તેમાંથી પોતે નોંખા નીસરી જાય છે ત્યારે તો તે પંડે જે હોય તેવો રહે છે. (પંચા. ૭) **(૧૧)** એ ભગવાનની જન્મ અને દેહે મૂક્યાની રીતિ તો અલૌકિક છે. (ગ.મ. ૧૩) **(૧૨)** જે કાર્ય નિમિત્તે જે દેહનું ધારણ કર્યું હોય તે કાર્ય થઈ રહે, ત્યારે તે દેહનો ત્યાગ કરે છે. (લો. ૧૮) **(૧૩)** પરંતુ પૃથ્વી પર પ્રાકૃત દેહ ધરવા છતાં, ભગવાન જે જે તત્ત્વોનો અંગીકાર કરે છે તે તત્ત્વો બ્રહ્મરૂપ છે. નિર્ગુણ થઈ જાય છે. પોતે સદા માયાથી નિર્લેપ રહે છે. (ગ.મ. ૧૩) **(૧૪)** અને તે પરબ્રહ્મ ભગવાનનું મૂળ સ્વરૂપ સદા દ્વિભુજ, દ્વિચરણયુક્ત, મનુષ્યાકૃતિ પરંતુ દિવ્ય છે. તો પણ પોતાની ઈચ્છાએ કરીને ક્યારેક ચતુર્ભુજ, અષ્ટભુજ, અનંતભુજ યુક્ત સ્વરૂપ દેખાડે છે, તથા મત્સ્ય, કચ્છ, વારાહ આદિક રૂપે ભાસે છે. એવી રીતે જ્યાં ઘટે જેવું તેવું રૂપ પ્રકાશે છે; પરંતુ પોતે તો સદા એકરૂપે જ વિરાજમાન રહે છે.

(લો.૪, લો.૧૮,પંચા.૪)

**૨. સદા સાકાર મૂર્તિમાન અક્ષરબ્રહ્મ : (૩૯ થી ૪૧) (૧)** મૂર્તરૂપે અક્ષરબ્રહ્મ પરમાત્મા સમાકાર છે. દ્વિભુજ અને દિવ્યતનુ છે. સત્-ચિદ્-આનંદ લક્ષણોવાળું છે. સદા સાકાર છે. અમાયિક છે. ત્રિગુણાતીત છે, નિર્ગુણ છે, પ્રાકૃત દોષે રહિત છે અને કલ્યાણકારી ગુણ ઐશ્વર્યએ યુક્ત છે. **(૨)** મૂર્તિમાન રૂપે પરમધામ-અક્ષરધામમાં પરબ્રહ્મની નિત્ય સેવામાં અતિશય-નિકટતમ, ઉત્તમ સેવક-ભક્ત તરીકે સમીપે રહે છે. મોક્ષમાર્ગે ચાલવાવાળા મુમુક્ષુઓ માટે ઉત્તમ ભક્ત અને દાસત્વ ભક્તિનો પરમ આદર્શ અક્ષરબ્રહ્મ છે. (ગ.પ્ર. ૨૧) **(૩)** આમ, અક્ષર મૂર્તિમાન છે. છતાં અતિ મોટા હોવાને લીધે કોઈની નજરે અક્ષરનું રૂપ આવતું નથી, જેમ વિરાટનું રૂપ નજરે આવતું નથી, તેમ અક્ષર પણ મૂર્તિમાન છે, પણ કોઈની નજરે આવે નહિ. (ગ.પ્ર. ૬૩) **(૪)** કારણ કે અક્ષરના એક એક રોમને વિષે અણુની પેઠે અનંતકોટિ બ્રહ્માંડ રહ્યાં છે. તે કાંઈ બ્રહ્માંડો અક્ષરને વિષે નાનાં થઈ જતાં નથી, એ તો અષ્ટ આવરણ સહવર્તમાન હોય, પણ અક્ષરની અતિશય મોટપ છે, તે આગળ બ્રહ્માંડ અતિશય નાનાં થઈ દેખાય છે. (ગ.મ. ૪૨) **(૫)** જગતની ઉત્પત્તિરૂપ ગણાતી માયાના આધાર પણ અક્ષરબ્રહ્મ છે જ્યારે પરબ્રહ્મ તો સર્વ કારણના કારણ સર્વોપરિ પરમાત્મા છે અને અક્ષરના પણ આધાર છે. અક્ષરબ્રહ્મ માયા અને માયાના કાર્ય જે અનંતકોટિ બ્રહ્માંડ તેમાં વ્યાપીને રહેલ છે, છતાં તે માયાથી લોપાતા નથી. (ગ.મ. ૩૧) **(૬)** અક્ષર કૂટસ્થ છે. સદાય એકરૂપે રહે છે. (ગ.પ્ર. ૬૩) **(૭)** અક્ષર મૂર્તિમાન છે છતાં વ્યાપક પણ છે. (કા. ૪) **(૮)** અને પુરુષોત્તમ ભગવાન સર્વમાં કારણપણે અંતર્યામીરૂપે પ્રવેશ કરીને રહ્યા છે, પણ જેવા અક્ષરમાં રહ્યા છે (તેવા) તેવી રીતે પ્રરુષ-પ્રકૃતિ ઈત્યાદિમાં-રહ્યા નથી. (ગ.પ્ર. ૪૧) **(૯)** અક્ષરમાં નિત્ય-સમ્યક્ પ્રકારે રહ્યા છે. પરબ્રહ્મ જ્યારે પૃથ્વી ઉપર પધારે છે ત્યારે પોતાનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું. (ગ.પ્ર. ૭૧) એવો ભગવાન સ્વામિનારાયણનો મત છે. **(૧૦)** ટૂંકમાં પુરુષોત્તમ ભગવાન જ્યાં જ્યાં અવતરે છે અને જ્યાં જ્યાં નિવાસ કરે છે ત્યાં પોતાની સાથે મૂર્તિમાન અક્ષરબ્રહ્મ પણ હોય છે. (ગ.પ્ર. ૭૧) **(૧૧)** આમ, અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ પુરુષોત્તમ વચ્ચે સૌથી ઘનિષ્ટ, નિત્ય, અવિયોગી સંબંધ છે. આ અક્ષરબ્રહ્મનો પરબ્રહ્મ-પુરુષોત્તમ સાથે 'દાસભાવયુક્ત-નિત્ય-પરમસ્નેહૈક્ય-સંબંધ' છે. તેથી અક્ષરબ્રહ્મને પરબ્રહ્મથી આઘા કે અળગા ક્યારેય કલ્પી શકાતા નથી.

**૩. ઉત્પત્તિ સર્ગ : (૪૯ થી ૫૩) (૧)** પ્રકૃતિ સ્વયં, પોતાની મેળે સૃષ્ટિ-સર્જન કરવાની ક્ષમતાશક્તિ ધરાવતી નથી. પરંતુ પરબ્રહ્મ-પરમેશ્વરના સંકલ્પથી તેમની અધ્યક્ષતા-પ્રશાસનમાં રહીને તે સૃષ્ટિ સર્જે (ઉત્ક્રાંતે) છે. **(૨)** ઉત્પત્તિ સમયે પરબ્રહ્મ-પુરુષોત્તમ સંકલ્પ કરી અક્ષરબ્રહ્મ સામી દૃષ્ટિ કરે છે, ત્યારે અક્ષરધામમાંથી એક અક્ષરમુક્ત પરમેશ્વરની ઈચ્છાએ કરીને સૃષ્ટિરૂપ સેવા કરવા તૈયાર થાય છે. તે સમયે પુરુષોત્તમ, અક્ષરબ્રહ્મમાં પ્રવેશ કરીને, તે દ્વારાએ અક્ષરપુરુષ (અક્ષરમુક્ત) ને વિષે પ્રવેશ કરે છે. **(૩)** 'આ અક્ષરપુરુષને 'બ્રહ્મ' કહે છે, 'મુક્ત' કહે છે 'મૂળપુરુષ' કહે છે, 'મહાપુરુષ' પણ કહે છે. બહુધા શાસ્ત્રમાં આને જ પુરુષોત્તમ તરીકે વર્ણવેલ છે. - ગ.પ્ર. ૧૨ અને ગ.મ. ૩૧ **(૪)** આમ પરબ્રહ્મ, પુરુષરૂપે થઈને (પુરુષ દ્વારા) મૂળ પ્રકૃતિ (મહામાયા)ને વિષે પોતાની શક્તિને પ્રેરે છે. માયાના ત્રણ ગુણોની સામ્યાવસ્થા વિચલિત થાય છે. **(૫)** આ રીતે પુરુષ (મૂળપુરુષ/અક્ષરાત્મક પુરુષ) અને પ્રકૃતિ (મૂળ પ્રકૃતિ)ના સાન્નિધ્ય માત્રથી અને પ્રેરકશક્તિથી અનંત 'પ્રધાન+પુરુષ'નાં જોડેલાં અનંત બ્રહ્માંડોના સર્જન અર્થે ઉત્પન્ન થાય છે. (ગ.પ્ર. ૧૨) પ્રત્યેક 'પ્રધાન+પુરુષ'નાં જોડલાંમાંથી દેવલોક, દૈત્યલોક, અને સ્થાવર-જંગમ-સૃષ્ટિયુક્ત મનુષ્યલોકવાળું, ચોવીસ તત્ત્વોનું બનેલું એક બ્રહ્માંડ ઉત્પન્ન થાય છે. (ગ.પ્ર. ૪૧ અને ગ.પ્ર. ૧૨) **(૬)**ઉત્પત્તિની વાત સુંદર રૂપકથી ભગવાન સ્વામિનારાયણ સમજાવે છે : ''જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરમેશ્વર-એ સર્વે અનાદિ છે. માયા છે તે તો પૃથ્વીને ઠેકાણે છે અને પૃથ્વીમાં રહ્યાં જે બીજ તેને ઠેકાણે જીવ છે અને ઈશ્વર તો મેઘને ઠેકાણે છે. તે પરમેશ્વરની ઈચ્છાએ કરીને પુરુષરૂપ જે ઈશ્વર તેનો માયા સંગાથે સંબંધ થાય છે ત્યારે જેમ મેઘના જળના સંબંધે કરીને પૃથ્વીમાં હતાં જે બીજ તે સર્વે ઊગી આવે છે, તેમ માયામાંથી અનાદિ કાળના જીવ હતા તે ઉદય થઈ આવે છે, પણ નવા જીવ નથી થતા. માટે જેમ ઈશ્વર અનાદિ છે તેમ માયા પણ અનાદિ છે, ને તે માયાને વિષે રહ્યા જે જીવ તે પણ અનાદિ છે. (ગ.અં. ૧૦) **(૭)** ટૂંકમાં સર્વ સૃષ્ટિની પહેલાં એક પરમાત્મા જ હતા અને સર્વ સૃષ્ટિના પ્રલયને અંતે પણ તે એક જ રહે છે. (ગ.પ્ર.૫૬) પરમાત્મા, પોતાનું ધામ જે અક્ષર અને મુક્તો આ ત્રણ નિત્ય નિરંતર હતા, છે ને રહેશે, કારણ કે તે સર્વે કાળ-માયાથી પર છે.

**ઉત્પત્તિસર્ગની મીમાંસા ચાર મુદ્દાઓ સ્પષ્ટ કરે છે : (૧)** પરબ્રહ્મ-પરમાત્મા જ જગતનું નિમિત્ત કારણ છે, કારણ કે તેમના સંકલ્પ, પ્રેરણા અને પ્રવેશથી જ ઉત્પત્તિ શરૂ થાય છે.વળી, જગતનું ઉપાદાન કારણ પણ પરબ્રહ્મ-પરમાત્મા જ છે, કારણ કે પરમાત્માના શરીરના એકદેશમાં જીવેશ્વરોની લીનતા કરીને રહેલી માયા-પ્રકૃતિમાંથી જ અનંતકોટિ બ્રહ્માંડો ઉત્પન્ન થાય છે. અર્થાત્ વ્યક્ત થાય છે. **(૨)** ભગવાન સ્વામિનારાયણને અભિપ્રેત કાર્યકારણ સિદ્ધાંત એટલે 'પરબ્રહ્મ પ્રશાસિત પ્રકૃતિ-પરિણામવાદ'. કારણ કે પરબ્રહ્મના સંકલ્પમાત્રથી જ પ્રકૃતિને પુરુષનો સંયોગ અને વિયોગ અનુક્રમે સૃષ્ટિ તથા પ્રલય અર્થે થાય છે. આને સત્કાર્યવાદ પણ કહી શકાય. માયા (પ્રકૃતિ) સત્ છે. માયાનું કાર્ય જગત પણ સત્ છે. (પરંતુ પરિવર્તનશીલ અને નાશવંત છે.) સત્ એવા પરબ્રહ્મની સંકલ્પશક્તિનું પુરુષદ્વારાએ માયા-પ્રકૃતિનું પરિણામ છે. પરબ્રહ્મ ચિદ્ (ચેતન) અને અચિદ્ (જડ)માં વ્યાપીને રહ્યા છે. આમ, પરમેશ્વર સર્વકારણના કારણ છે. **(૩)** સર્જન પ્રક્રિયા કોઈપણ પ્રકારના દબાણ, ફરજ કે કેવળ લીલા(રમત)ને ખાતર પરબ્રહ્મ શરૂ કરતા નથી. પરંતુ અતિશય કરુણાયુક્ત, કૃપાપ્રસાદથી પ્રેરાઈને જીવોના કલ્યાણ કરવાના ઉચ્ચ હેતુથી જ પરબ્રહ્મ જગતને સર્જે છે. અનાદિકાળથી ભટકતા બદ્ધ જીવોને માયાકૃત ઉપાધિમાંથી મુક્ત થઈ, બ્રહ્મરૂપ થઈ, અવિદ્યા-જન્મમરણથી નિવૃત્તિ પામી પૂર્ણત્વ, પરમાનંદ અને પરમેશ્વરના ધામમાં નિત્ય નિવાસ કરવાની તક મળે, એવા શુભ હેતુથી પરમેશ્વર જગતની સૃષ્ટિ કરે છે. તે જ પ્રમાણે જ્યારે નાનાપ્રકારની સંસૃતિથી જીવો થાકે છે ત્યારે તેમની વિશ્રાંતિને અર્થે પ્રલય કરે છે. (કા. ૧ને આધારે) મહાસૃષ્ટિ અને મહાપ્રલય (આત્યંતિક પ્રલય) કેવળ પરબ્રહ્મ-પરમાત્માની ઈચ્છા સંકલ્પ પર અવલંબે છે, અને નહીં કે કોઈ નિશ્ચિત કાળ-ગણના પર. **(૪)** પરબ્રહ્મ અને અક્ષરબ્રહ્મ - આ બંને ઉત્પત્તિ અર્થે સીધા જ પ્રકૃતિ સાથે જોડાયેલા નથી. (પ્રકૃતિ સાથે મૂળપુરુષ અર્થાત્ અક્ષરાત્મક પુરુષ જોડાય છે.) વળી, ઉત્પત્તિ અર્થે પરબ્રહ્મ કે અક્ષરબ્રહ્મ ચ્યવીને (પરિવર્તન પામીને અંશોમાં વિભાજિત થઈને) જીવો તથા ઈશ્વરો રૂપે થતાં નથી. (ગ.પ્ર. ૪૧ અને ગ.મ. ૩ને આધારે) તેમજ એક જ જીવ અનેકરૂપે થતો નથી. (ગ.પ્ર. ૧૩)

**૪. ભક્તિ અને શરણાગતિ : (૭૮ થી ૮૩) (૧)** પરમેશ્વરને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે અતિશય સ્નેહ, તે ભક્તિ જાણવી. (શિક્ષા-૧૦૩) **(૨)** અને ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે એનું નામ સ્નેહ..... પરિપૂર્ણ સ્નેહ હોય તેને ભગવાન વિના બીજો સંકલ્પ ન થાય... ને જાણે-અજાણે બીજો કાંઈક ઘાટ થાય, તો જેમ કપાળમાં બળબળતો ડામ દે, ને જેવો વસમો લાગે, તેવો ભગવાન વિના બીજો ઘાટ થાય તો વસમો લાગે. (ગ.પ્ર. ૪૪) **(૩)** માટે હેત (સ્નેહ) તો જેમ દેહ ને દેહના સંબંધી સંગાથે છે, તેવું ભગવાનને વિષે કરવું. એ હેતને મૂઢપણાનું હેત કહીએ. (ગ.પ્ર. ૫૭) **(૪)** પરંતુ, પરમેશ્વરને વિષે જે પ્રીતિ હેત કરવું તે આત્મસત્તારૂપ રહીને કરવું. કારણ કે આત્મરૂપે રહીને જે ભગવાનને વિષે પ્રીતિ કરવી, એ પ્રીતિને બ્રહ્મસ્વરૂપ કહી છે. (ગ.પ્ર. ૪૩) **(૫)** આવી રીતે હેત કરનારાએ ચોવીસ તત્ત્વ થકી પોતાના જીવાત્માને પૃથક્ જાણવો. પંચઈન્દ્રિયની વૃત્તિઓને વિષયમાંથી ઉખેડી નાંખીને જીવસત્તાપણે રહીને નિર્ગુણપણે જેટલું હેત ભગવાનમાં થાય તેટલું કરવું. કારણ કે એવી રીતે જે ભગવાનમાં હેત કરે, એ જ શ્રીહરિને ગમે છે. (પં. ૩) **(૬)** ભગવાનનું માહાત્મ્ય જાણીને હેત થાય, તે સર્વોત્તમ છે. (પં. ૩) **(૭)** કારણ કે માહાત્મ્યજ્ઞાન વિનાની ભક્તિ ઝાઝી જણાતી હોય તો પણ અંતે નાશ થઈ જાય છે..... અને જેના હૃદયમાં માહાત્મ્યે સહિત ભક્તિ હોય, તો બીજા કલ્યાણકારી રૂડા ગુણ તેના હૃદયમાં સર્વે આવે છે... (અને) એ જ વાસના ટાળ્યાનું મહામોટું અચળ સાધન છે. (સા. ૫) **(૮)** આવા ભક્તિવાળાને ભગવાનની મૂર્તિ વિના પિંડ-બ્રહ્માંડ કાંઈ ભાસતું નથી. (ગ.પ્ર. ૨૬) **(૯)** તેને ભગવાન સંબંધી જ પંચવિષય હોય છે. જગત સંબંધી પંચવિષયમાં અતિશય અભાવે યુક્ત વર્તે છે. તેથી તે સાચા અર્થમાં રસિક ભક્ત કહેવાય છે. (ગ.પ્ર. ૨૬) **(૧૦)** પતિવ્રતા સ્ત્રીની માફક તેનું મન, પોતાને મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને મૂકીને ક્યાંય લોભાતું નથી. (ગ.મ. ૬૨ ને ગ.અં. ૨૬ પ્રમાણે) **(૧૧)** તેને ઈષ્ટદેવને વિષે સીતાજીની માફક નિર્દોષપણાની દૃઢ નિષ્ઠા હોય છે. એવી ભક્તિવાળો સર્વે ચરિત્રોને વિષે પોતાના ઈષ્ટદેવને નિર્લેપ, નિર્દોષ અને દિવ્ય જુએ છે. (ગ.અં. ૧૧ ને ગ.મ. ૧૦ પ્રમાણે) **(૧૨)** ભક્તિવાળો કુસંગ, દેહાભિમાન ને સ્વભાવનો ત્યાગ રાખે છે. નિર્માનીપણે ભક્તિ કરે છે. ઈર્ષ્યાથી, હરીફાઈ કરવા, સારું દેખાડવા, લોક ને રીઝવવા, બીજાને પાછા પાડવા કે વખાણ માટે ભક્તિ કરવી નહીં, કેવળ પરમેશ્વરની પ્રસન્નતાને અર્થે જ ભક્તિ કરવી. (ગ.મ. ૪૧, ગ.અં. ૬ને ૩૩) **(૧૩)** ''બીજી ભક્તિ જન બહુ કરે, તેમાં રહે ગમતું મનનું; પણ પ્રકટ પ્રભુની ભક્તિમાં, રહે ગમતું ભગવાનનું.'' (ભક્તિનિધિ- ૪૪/૭) **(૧૪)** માટે પ્રગટની ભક્તિ સર્વોપરિ છે અને એ જ જીવનમુક્તિની અપાવનારી છે. આવી ભક્તિ, શ્રીહરિના અખંડધારક પ્રગટ બ્રહ્મસ્વરૂપ સત્પુરુષને પ્રસંગે બ્રહ્મરૂપ થઈએ ત્યારે જ સિદ્ધ થાય છે. **(૧૫)** મુક્તિ ભક્તિએ કરીને છે. અહીં 'ભક્તિ' શબ્દે કરીને 'એકાંતિકી ભક્તિ' એવો અર્થ લેવાનો છે, કારણ કે 'આત્મનિષ્ઠા (જ્ઞાન), વૈરાગ્ય અને ધર્મ તે તો ભગવાનની ભક્તિનાં સહાયરૂપ ઉપકરણ છે પણ ભગવાનની ભક્તિ વિના એકલો વૈરાગ્ય, આત્મનિષ્ઠા (જ્ઞાન) તથા ધર્મ તે જીવને માયા તર્યાનું સાધન નથી. અને જો ધર્મ, આત્મનિષ્ઠા (જ્ઞાન) ને વૈરાગ્ય અતિશય ન હોય ને એકલી ભગવાનની ભક્તિ હોય તો પણ એ જીવનું કલ્યાણ થાય ને માયાને તરે. એટલો ધર્માદિ થકી ભક્તિને વિષે વિશેષ છે, તો પણ ધર્માદિક અંગનું સહાયપણું હોય તો એ ભક્તિને વિષે કોઈ વિઘ્ન થતું નથી.... માટે ધર્માદિક અંગે સહિત (એકાંતિકી) ભક્તિ કરવી. (ગ.મ. ૩૨) **(૧૬)** વળી, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિના સાધનચતુષ્ટયવાળો

એકાંતિક ધર્મ (એકાંતિકી ભક્તિ) ઉપદેશીને ભગવાન સ્વામિનારાયણે ભગવદ્ ગીતામાં ઉપદેશેલા ચારે માર્ગોનું પ્રતિપાદન કર્યું છે. નીતિ સદાચાર પર આધારિત નિત્યકર્મ, નૈમિત્તિક કર્મો, વિશેષ ધર્મો, સ્વધર્મ ઇત્યાદિ ધર્મ દ્વારા કર્મમાર્ગનું પ્રતિપાદન કર્યું છે. આત્મનિષ્ઠા અર્થાત્ પાંચ ભેદો અને બ્રહ્મ-પરબ્રહ્મના સદા સાકાર સ્વરૂપના યથાર્થજ્ઞાન દ્વારા જ્ઞાનમાર્ગનું પ્રતિપાદન કર્યું છે. સદ્-અસદ્‌ના જ્ઞાનમાંથી પરિણમતા વૈરાગ્યનું પ્રતિપાદન કરીને ત્યાગ અને અનાસક્તિની ભાવનાને પોષી છે. તેણે કરીને કર્મમાં બંધન થતું નથી, ફળની આશા પ્રધાન થતી નથી અને સર્વે કર્મો પરમેશ્વરની આજ્ઞા માની પરમેશ્વરને પરમ લક્ષ્ય રાખીને થાય છે. તેનાથી પ્રવૃત્તિ કરવાં છતાં નિવૃત્તિ અને નૈષ્કર્મ્યની સિદ્ધિ થાય છે. (૧૭) આ રીતે વૈરાગ્ય દ્વારા અનાસક્તિમાર્ગનું અને યોગમાર્ગનું પ્રતિપાદન કર્યું છે. માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિને લીધે બ્રહ્મરૂપ થઈ પરમેશ્વરમાં પ્રીતિ કરાય છે. સર્વે વૃત્તિ, પ્રવૃત્તિ અને પદાર્થ પરમેશ્વરને ચરણે ધરી દેવાથી આત્મનિવેદી થવાય છે. સર્વ ક્રિયા નિર્ગુણ થાય છે. પરમેશ્વરમાં લીનતા (સ્નેહૈક્ય) થાય છે. પરમેશ્વર વરેણ્ય થાય છે. આ રીતે ભક્તિમાર્ગનું પ્રતિપાદન પણ કર્યું છે. (૧૮) આ સંપ્રદાયમાં શરણાગતિનો મહિમા છે; પરંતુ શરણાગતે શરણાગતિ ગ્રહણ કર્યા પછી કંઈ જ કરવાનું નહીં અને બધું જ પરમાત્માએ કરવાનું, એવું નથી સ્વીકાર્યું, સદ્‌ગુરુ દ્વારા પરમાત્માની શરણાગતિ સ્વીકારી, સંપ્રદાયમાં શામિલ થઈ અધ્યાત્મ માર્ગ ગ્રહણ કરનાર મુમુક્ષુજનનાં બધાં જ પાપ, ભય, દોષ, ત્રાસ, ઇત્યાદિથી રક્ષા પરમાત્મા કરે છે; પરંતુ શરણાગતે પરમેશ્વરની મોક્ષપ્રદ કૃપા પામવા માટે પરમેશ્વરની રુચિ, રહસ્ય, અભિપ્રાય અને આજ્ઞાનુસાર કર્મો કરવાં જ પડે છે. ભગવાનનો દૃઢ આશ્રય, મનના માનેલા ધર્મોનો પરિત્યાગ, ભગવાનની મરજી પ્રમાણે જ વર્તન, રક્ષાના કરનારા કેવળ ભગવાન જ છે એ મહાવિશ્વાસ અને ભગવાન સિવાય કોઈની પાસેથી કાંઈ સુખ ન ઇચ્છનારો - ભગવાનનો શરણાગત અનન્ય ભક્ત કહેવાય છે. (વ. ૫) (૧૯) અને આવો માહાત્મ્યજ્ઞાને યુક્ત શરણાગત, ભગવાન અને તે ભગવાનના અખંડ ધારક સંતને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તો પુરુષનો ત્યાગ કરે. (લો. ૩) (૨૦) તથા પોતાનું સર્વસ્વ તે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે કરી રાખે અને સત્સંગ અર્થે માથું દેવું હોય તો દે અને જે ઘડીએ પોતાના ઇષ્ટદેવ આજ્ઞા કરે જે 'તું પરમહંસ થા' તો તે તત્કાળ પરમહંસ થાય. (ગ.મ. ૬૧) (૨૧) એવા શરણાગત પર પરમાત્મા વરેણ્ય થઈને, પોતાના કૃપા-અનુગ્રહ દ્વારા મુક્તિ આપે છે. પોતાના ધામમાં, પોતાની સેવામાં નિત્ય નિવાસ આપે છે. (૨૨) હા, એ ખરું છે કે, પરમાત્મા જો પોતે જ અતિકૃપા-કરુણાથી પ્રસન્ન થઈ કોઈ પ્રપન્નને સીધો જ (સાધન માર્ગમાંથી પસાર થયા વગર પણ) પરમપદ આપવા ઇચ્છે તો આપી શકે છે અને આપે પણ છે. આ વસ્તુ પરમાત્માની કૃપા-કરુણાનું અધિકપણું સૂચવે છે, અને નહિ કે પ્રપન્નનો સીધો જ પરમપદનો અધિકાર. (૨૩) પોતાના આશ્રિત ભક્તજનને અંતકાળે સ્વધામ તેડી જવા ભગવાન પોતે દિવ્ય દેહે મુક્તો-પાર્ષદોસહ આવે છે. એવું પરમાત્માનું વરદાન છે. આ હકીકત સંપ્રદાયના હરિભક્તોએ અનુભવમાં નિહાળેલી અને સિદ્ધ થયેલી જોઈ છે. તેથી શ્રદ્ધા અને વિશ્વાસથી તેઓ માને છે કે સત્સંગીની અવગતિ ક્યારેય થતી નથી. ભગવાન પોતાના ભક્તની રક્ષામાં જ હોય છે.

☞ **નોંધ :- પરીક્ષાર્થીએ બધા જ મુદ્દા ન લખ્યા હોય, પણ ચારે વિભાગને પોતાની રીતે ન્યાય આપ્યો હોવો જોઈએ. વચનામૃતના નંબર પણ ન લખ્યા હોય તો ચાલે**

**('એકાંતિક ધર્મના ધારક સત્પુરુષ', પાંચમી આવૃત્તિ, માર્ચ, ૨૦૦૭ના આધારે)**

**પ્ર.૩ નીચેના પ્રશ્નોનો મુદ્દાસર જવાબ આપો.**

☞ **નોંધ : નીચેનામાંથી ઓછામાં ઓછા કોઈપણ ચાર હોવા જોઈએ.**

**૧. પરમ એકાંતિક સંતની સર્વાધિક મોટપ : (૧૭ થી ૨૧)** (૧) પરમ એકાંતિક સંતની સર્વાધિક મોટપ બતાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે : 'હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું અને હું ભગવાનના એ ભક્તની ભક્તિ કરું છું. (ગ.મ. ૨૮) તથા 'એવી નિષ્ઠાવાળો જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચડાવીએ છીએ અને તેને દુખવતાં થકા મનમાં બીએ છીએ અને તેના દર્શનને પણ ઇચ્છીએ છીએ..... એવા યથાર્થ ભગવાનના એ ભક્ત છે. તેનું દર્શન તો ભગવાનના દર્શન તુલ્ય છે અને એના દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે. એવા મોટા છે. (ગ.પ્ર. ૩૭) (૨) અને 'આત્યંતિક પ્રલય જે જ્ઞાન પ્રલય તેણે કરીને જેણે માયિક ઉપાધિનો ત્યાગ કર્યો તેને તો પાછી કોઈ કાળે માયિક ઉપાધિ વળગતી નથી અને જો કોઈ કાળે માયિક ઉપાધિ વળગતી નથી અને જો કોઈ કાળે દેહ ધરે, તો જેમ ભગવાન સ્વતંત્ર થકા દેહ ધરે છે. તેમ તે પણ સ્વતંત્ર થકો દેહ ધરે છે. પણ કાળ, કર્મ ને માયા તેને આધીન થકો દેહને નથી ધરતો. (અમ. ૨) માટે એવા સંતનું દર્શન તે સાક્ષાત્ ભગવાનનું દર્શન છે. (સા.૧૦) એવા સંતને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને ભગવાનનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે. (વર. ૧૧) (૩) વળી જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે, તેવી જો પ્રત્યક્ષ ગુરુરુપહરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે, તેટલા સર્વ અર્થ તેને પ્રાપ્ત થાય છે. (અને) જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ તેને છતી દેહે જ પામે છે. (ગ.અં. ૨) માટે આવા સંતના હૃદયમાં સાક્ષાત્ ભગવાન વિરાજમાન છે, એમ જાણવું અને એવા સાધુનો દ્રોહ કરે તો ભગવાનના દ્રોહ કર્યા બરાબર પાપ લાગે છે અને એવા સાધુની સેવા કરે તો ભગવાનની સેવા કર્યા તુલ્ય ફળ થાય છે. (ગ.અં. ૩૫) (૪) એવાં ત્રીશ લક્ષણે યુક્ત સાધુમાં,

ભાગવતના એકાદશ સ્કંધમાં કહ્યા એવા ભગવાનના ઓગણચાળીસ કલ્યાણકારી ગુણ આવેલ હોય છે. તેથી જેમ ભગવાન સર્વ પ્રકારે નિર્બંધ છે અને ચાહે સો કરવાને સમર્થ છે, તેમ એ ભક્ત પણ અતિશય સમર્થ થાય છે અને નિર્બંધ થાય છે (ગ.પ્ર. ૭૭ અને ગ.પ્ર. ૬૬) અને એ ભક્તને કાળ, કર્મ અને માયા તે બંધન કરવા સમર્થ નથી. (કા. ૮) તેથી એવા સંતનો સમાગમ મળે ત્યારે પરમચિંતામણિ ને કલ્પવૃક્ષ મળેલ છે, એમ સમજવું. (ગ.પ્ર. ૧૪) એવા ભક્તે માયિક પંચવિષયને તુચ્છ કરી નાંખ્યા હોય છે અને શબ્દાદિક પંચવિષયે કરીને ભગવાન સાથે જ દૃઢપણે જોડાયા હોય છે. એવા ભક્ત જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય છે અને જેમ એ ભક્તને ભગવાન વિના નથી રહેવાતું, તેમ જ ભગવાનને પણ એ ભક્ત વિના રહેવાતું નથી અને એ ભક્તના હૃદયમાંથી આંખનું મટકું ભરીએ એટલી વાર પણ ભગવાન છેટા રહેતા નથી. (કા. ૧૧) એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા, ને દેવ જેવા પણ ન જાણવા અને એવા સંત તો મનુષ્ય છે, તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે. (ગ.અં. ૨૬) તેમને વ્યાવહારિક દૃષ્ટિએ વર્તવું તે કેવળ જીવો પર દયા કરીને છે. (ગ.અં. ૧૪) મુક્તાનંદ સ્વામી પણ શ્રીહરિના આ જ શબ્દો વ્યક્ત કરે છે : 'મેરો હી સર્વસ્વ સોઈ.' **(૫)** આવા સંત તો સ્વાભાવિકપણે જ બ્રાહ્મીસ્થિતિમાં અહોનિશ રહેતા હોય છે. તે જ સાચા સદ્ગુરુ છે. તે જ મુમુક્ષુ માટે ગુરુ અને ઉપદેષ્ટા છે. તે જ ભગવાનની હદ્ગત રુચિ અભિપ્રાયના જાણનારા છે, કારણ કે એવા સંતથી ભગવાન ક્યારેય જુદા રહેતા નથી. આ જ મુદ્દો આગળ ધરતાં શ્રીહરિ કહે છે : 'ગુરુ પરમહંસ આઠ પ્રકારે કરીને સ્ત્રીના ત્યાગી છે, તેમ જ દ્રવ્યના ત્યાગી છે. એવા જે સંત, તે સંતને હરિ જેવા જાણવા, ગોવિંદ જેવા જાણવા. એવા જે સંત તે જ ગુરુ છે ને તે જ ગોવિંદ છે અને તે જ હરિ છે'. શ્રીહરિના આ જ ઉપદેશને આધારે બ્રહ્માનંદ સ્વામી કહે છે કે એવા સંત તો 'હરિ સમ સબ દુઃખહારી' છે. માટે એવા સંતમાં જીવ જોડી તેમની મન, કર્મ, વચને સેવા કરી લેવી, કારણ કે તેમની સેવાથી આ ને આ જન્મે ઉત્તમ ભક્ત તુલ્ય થઈ જવાય છે. (વર. ૫) એવા એકાંતિક સાધુના વચનમાં વિશ્વાસ રાખીને નિષ્કપટભાવે ભગવાનના ચરણકમળને ભજવાથી, ભગવાનના સ્વરૂપને વિષેની માયિક દૃષ્ટિ મટે છે. (પં. ૭) **(૬)** આવા પરમ એકાંતિક સંતનો મહિમા પોતાની માતા ભક્તિદેવીને સમજાવતાં શ્રીહરિ કહે છે : दृष्टा स्पृष्टा नता वा कृतपरिचारणा भोजिता: पूजिता वा सद्य: पुंसामधौघं बहुजनिजनितं ध्वन्ति ये वै समूलम् । प्रोक्ता: कृष्णेन ये वा निजहृदयसमा यत्पदे तीर्थजातं तेषां मात: । ए प्रसडगात्किमिह ननु सतां दुर्लभं स्यान्मुमुक्षो: ॥ હે માતા ! એવા સંતનું કોઈ મુમુક્ષુ એક વખત પણ આદરપૂર્વક દર્શન, સ્પર્શ કે પરિચર્યા કરે, અથવા એક વખત પણ ભાવપૂર્વક તેને ભોજન કરાવે કે તેનું પૂજન-વંદન કરે, તો તેના અનંત જન્મના પાપપૂંજનો સમૂળો નાશ તત્કાળ થઈ જાય છે. શ્રીહરિકૃષ્ણ કહે છે કે, એવા સંત તો મારા હૃદયતુલ્ય છે. એવા સંતના ચરણમાં સર્વ તીર્થો નિવાસ કરીને રહે છે. તેમનાં ચરણ પડે તે ભૂમિ તીર્થરૂપ થઈ જાય છે. માટે એવા સાધુના પ્રસંગ થકી મુમુક્ષુ માટે કઈ ચીજ દુર્લભ છે ? કોઈ જ સિદ્ધિ દુર્લભ નથી. ઊલટાનું, એ મુમુક્ષુને સર્વે સિદ્ધિ અને નિઃશ્રેયસ કહેતાં આત્યંતિક મુક્તિ પણ સરળતાથી મળે છે. **(૭)** માટે 'ઇન્દ્રિયો રૂપ જે મનની ધારા તે જે ઠેકાણે ઘસાઈને બુઠ્ઠી થઈ જાય, તેને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. તે ઠેકાણે જપ, તપ, વ્રત, ધ્યાન, પૂજા એ આદિક જે સુકૃત તેનો જે આરંભ કરે. તે દિન દિન પ્રત્યે વૃદ્ધિ પામે, એવું જે નૈમિષારણ્ય ક્ષેત્ર તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય, તે ઠેકાણે જાણવું.... એવું સંતના સમાગમરૂપી નૈમિષારણ્ય ક્ષેત્ર જ્યાં દેખાય, ત્યાં કલ્યાણને ઈચ્છવું અને ત્યાં અતિ દૃઢ મન કરીને રહેવું.' (સા. ૭) કારણ કે, 'મોટા એકાંતિક સાધુ દ્વારે તો મહારાજ અખંડ રહ્યા છે. તેને વળગે છે ત્યારે તેને મહારાજનું સુખ આવે છે. જેમ ગાયના આંચળમાંથી જ દૂધનું સુખ આવે છે તેમ. તેથી જ મુક્તાનંદ સ્વામીનું કીર્તન ટાંકીને શ્રીહરિ કહે છે, કે એવા સાધુ પાસે તો 'શૂળી ઉપર શયન કરાવે તોય સાધુને સંગે રહીએ રે'. (ગ.મ. ૪૭) **(૮)** આટલો બધો મહિમા કહેવા પાછળનો ઉદ્દેશ એટલો જ છે કે આવા સંતને સંગે જ અજ્ઞાનની નિવૃત્તિ થાય છે. નિર્દોષ થવાય છે, નિર્વાસનિક થવાય છે. આત્મસ્વરૂપનું જ્ઞાન થાય છે અને ભગવાનનો જેમ છે તેમ નિશ્ચય થાય છે. માટે શાસ્ત્રે કહ્યા જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઇત્યાદિક સંતના લક્ષણ તેને સાંભળીને એવાં લક્ષણ જ્યાં દેખાય, એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય છે. તેથી એવા સંતને વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો. (ગ.અં. ૨૭) અને એવા 'મોટાપુરુષનો જેમ જેમ ગુણ ગ્રહણ કરતો જાય તેમ તેમ એની ભક્તિ વૃદ્ધિ પામતી જાય અને અતિશય જે મોટા હોય તેને જો અતિશય નિષ્કામી જાણે તો પોતે કૂતરા જેવો કામી હોય તે નિષ્કામી થાય.... અને જો મોટા પુરુષને અતિશય નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી સમજે તો પોતે પણ એ સર્વ વિકારથી રહિત થઈ જાય અને પાકો હરિભક્ત થાય.' (ગ.પ્ર. ૪૯)

**('ધાર્મિક વિધાનો અને ભાવના' પાંચમી આવૃત્તિ, માર્ચ, ૨૦૦૬ના આધારે)**

**પ્ર.૪ નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. (કુલ ગુણ : ૧૬)**

**૧. નિત્યપૂજાનો મહિમા અને તેની સાચી પદ્ધતિ :- (૯ થી ૧૬)**

- પૂર્વભૂમિકા (નિત્યપૂજાનો મહિમા) - નિત્યપૂજાની સાચી પધ્ધતિ - આદર્શ સમય, વસ્ત્રો - સ્થળ, આસન, તિલક-ચાંદલો, ધ્યાન - ધ્યાનમાં શું શું કરશું ? આત્મવિચાર, ધ્યેય, માનસી - મૂર્તિઓની ગોઠવણી - આહ્વાન મંત્ર, માળા-મંત્રજાપ, તપની માળા, પ્રદક્ષિણા, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ, પ્રાર્થના - વિસર્જન, શિક્ષાપત્રી વાંચન

**૨. બાળસંસ્કારનું મહત્ત્વ અને ઘરસભામાં બાળસંસ્કાર કેવી રીતે આપવા ?**

**બાળસંસ્કારનું મહત્ત્વ : (૬૨-૬૩)** વૃક્ષનો મહિમા એટલે તેનું બીજ. બીજ સારું તો વૃક્ષ સારું. ચારિત્ર્યશીલ, સુખી, સમૃદ્ધ સમાજનું બીજ એટલે સંસ્કારી બાળક. બાળકનું જેવું ઘડતર એવું ભાવિ સમાજનું નિર્માણ. બાળક આવતી કાલનો નાગરિક છે. એના ઘડતર પર સમાજ ટકશે. એના ઘડતર પર આપણી સંસ્કૃતિની અસ્મિતા રહેશે. એના ઘડતર પર આપણી સંપત્તિનો વિકાસ કે વિનાશ થશે. એ ઘડતર પર આપણું પોતાનું સુખ અવલંબિત છે. બાળક સમગ્ર માનવજાતનો પિતા છે. કઈ રીતે ? તમે બાળકનો જેવો ઉછેર કરશો તેવા સંસ્કાર એ બાળક પોતાનાં સંતાનોમાં આપશે અને એ સંતાનો પોતાનાં બાળકોમાં અને એમ ક્રમ ચાલ્યા કરશે. બાળસંસ્કાર એટલે બાળકનું ઘડતર, સુખી કુટુંબની રચના, સ્થિર સમાજનો પાયો અને શાંતિમય વિશ્વનું સર્જન.

**ઘરસભામાં બાળસંસ્કાર : (૬૬)**

બાળમાનસ પોતાના અસ્તિત્વનો સ્વીકાર ઝંખતું હોય છે. ઘરસભામાં બાળકને પણ મહત્વ અપાય તો બાળકને ઘરસભા પોતીકી લાગશે. ઘરસભા પ્રત્યે પ્રેમ જાગશે. ઘરસભામાં બાળક ધૂન બોલાવે, કીર્તન ગાય, શ્રીજીમહારાજના કે ગુરુપરંપરાના જીવનપ્રસંગો કહે તેવું આયોજન કરી શકાય. આ ક્રિયાઓમાંથી બાળકને ઘરસભામાં ઉમંગ જાગશે. જીવનપ્રસંગોને આધારે બાળક સદાચારના પાઠ ભણશે. આચરણમાં મૂકશે. બાળક પાસે કીર્તનો અને સ્વામીની વાતો બોલાવવાથી તેને તે કંઠસ્થ કરશે અને એ વિચારોની છાપ પણ એના મન પર પડશે. સત્સંગવિષયક પ્રશ્નોત્તરી પણ કરી શકાય. બાળક સારી રજૂઆત કરે તો પ્રશંસા કરવી.

**(વિભાગઃ ૨ ભગવાન સ્વામિનારાયણ : ભાગ-૪ અને ૫, પાંચમી આવૃત્તિ, જૂન, ૨૦૦૫ના આધારે)**

**અભ્યાસક્રમના ઉદ્‌ગીથ : ભાગ-૪ : ૫, ૬, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૮,૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪**
**ભાગ-૫ : ૧, ૨, ૫, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૭, ૧૮, ૨૩, ૨૪, ૨૫**

**પ્ર.૫ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

☞ **નોંધ :- (૧) મુદ્દાની સામે આપેલ અંક ગ્રંથના ભાગ નંબર / પાના નંબર દર્શાવે છે.**
**(૨) વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.**

**૧. હિમરાજ શાહ અને પરિવારની અચલ નિષ્ઠા :**

| | | |
|---|---|---|
| ૧. | સ્વામી તો એક વલ્લભ સ્વામી | ૪/૭૧ |
| ૨. | હિમરાજ શાહ સત્સંગી બને છે. | ૪/૭૨ |
| ૩. | મોઢ જ્ઞાતિમાં હાહાકાર | ૪/૭૩ |
| ૪. | મહારાજ સુંદરિયાણામાં | ૪/૭૫ |
| ૫. | આ કંઠી અને સત્સંગ શિર સાટે છે. | ૪/૪૩૦ |
| ૬. | ધંધુકામાં મહાજને બ્રાહ્મણોની ચોરાસી બંધ કરી. - સુંદરિયાણામાં વસંતોત્સવ : આ.સં. ૧૮૮૦ | ૪/૪૩૨ |
| ૭. | મહારાજ પ્રસાદીના વસ્ત્રો હિમરાજ શાહના પરિવારને આપે છે. | ૪/૪૩૩ |
| ૯. | આપની મૂર્તિ અખંડ ધ્યાનમાં રહે. | ૪/૪૩૪ |
| ૧૦. | આ સત્સંગ કેવળ તિલક, કંઠી કે માળા ધારણ કરવાથી સિદ્ધ થતો નથી. | ૪/૪૩૫ |

**૨. જૂનાગઢ મંદિરની પ્રતિષ્ઠા અને સર્વસ્વ સમર્પણ :**

| | | |
|---|---|---|
| ૧. | જૂનાગઢ મંદિરનું ખાતમૂહર્ત થાય છે. | ૫૧૮૨ થી ૧૮૩ |
| ૨. | ગોપાળ સ્વામી તો અમારી મરજીના જાણનારા છે. - શ્રીજીમહારાજ | ૫/૧૮૫ |
| ૩. | બ્રહ્માનંદ સ્વામી રંગીલદાસની વાત ગોપાળાનંદ સ્વામીને કરે છે. - મૂર્તિ પ્રતિષ્ઠાનું નક્કી કરે છે. | ૫/૨૪૫ થી ૨૪૮ |
| ૪. | બ્રહ્માનંદ સ્વામી ઘોડાને નિષ્કામી કરે છે. | ૫/૨૫૦ |
| ૫. | અમારું સર્વસ્વ જે આ સાધુ તે સોરઠ દેશને કૃષ્ણાપર્ણ કરીએ છીએ. - શ્રીજીમહારાજ | ૫/૨૫૨ |

**૩. પંચાળામાં શ્રીહરિની લીલા :**

| | | |
|---|---|---|
| ૧. | પંચાળામાં ફૂલદોલોત્સવઃ આ.સં. ૧૮૭૭ - ધુંવાબરાઈના કાશીરામ મહારાજનું પૂજન કરે છે. | ૪/૨૭૩ |
| ૨. | લીધી લટકાળે નંદલાલ કે હાથ કબાણને | ૪/૨૭૫ |
| ૩. | ભક્ત અને ભગવાનનું તાત્વિક ઐક્ય | ૪/૨૭૬ |
| ૪. | જુઓ અમારા તિલક ! | ૪/૨૭૯ |
| ૫. | મહારાજ ઉદાસ થાય છે. | ૪/૨૮૩ |
| ૬. | મુક્તાનંદ સ્વામી ત્રણ વિનંતી કરે છે. | ૪/૨૮૫ |
| ૭. | ફૂલદોલનો ઉત્સવ આ.સં. ૧૮૭૯ | ૪/૩૬૯ |
| ૮. | અમારી સાથે રાસ રમો. પંચાળામાં મહારાસ | ૪/૩૭૧ |

૯. રંગલીલા ૪/૩૭૫
૧૦. આ મહાદેવની યથાવિધિ પૂજા થાય તેવો બંદોબસ્ત કરાવજો. ૪/૩૭૭
૧૧. શેલણ જમાડો - એવા પાપીને તે વળી જમાડવાના હોતા હશે ? ૪/૩૮૨ થી ૩૮૩
૧૨. અમે આવો લહાવો લીધો નથી. ૪/૩૮૪

**પ્ર.૬ નીચેનામાંથી કોઈપણ બે વિષય પર વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. અંતિમ માંદગીમાં ભક્તોના કોડ પૂરા કર્યા.**

૧. અમને ભારે વસ્ત્રો અને આભૂષણો પહેરાવો - રઘુવીરજી અને અયોધ્યાપ્રસાદજીની ઈચ્છાની કરેલી પૂર્તિ. ૫/૩૯૫
૨. 'આવતી કાલે નિત્યાનંદ સ્વામી વાતો કરશે' - રાજકોટ ગર્વનરની મુલાકાત વિષે જાણવાનો ભક્તોનો ભાવ નિહાળી મહારાજે કરેલી આજ્ઞા. ૫/૩૯૭
૩. એવો વખત આવશે ત્યારે અમે તમને બોલાવી લઈશું. માટે હમણાં જૂનાગઢ જઈ બ્રહ્માનંદ સ્વામીને મોકલો - મહારાજ ગુણાતીતાનંદ સ્વામીને - ગુણાતીતાનંદ સ્વામીને ઓચ્છવનાં કીર્તનોનો ચોપડો આપ્યો. ૫/૪૦૧
૪. જૂનાગઢથી આવેલા બ્રહ્માનંદ સ્વામીને મહારાજે આપેલું સુખ - આજે ખરેખર મહારાજ મા બની ગયા છે. ૫/૪૦૫
૬. બ્રહ્માનંદ સ્વામીને આપેલું અંગત સુખ ૫/૪૦૭
૭. રોજકાના કાકાભાઈની વિનંતીથી તેમના અંતકાળે માંદગીમાં પણ દર્શન દેવા પધાર્યા ૫/૪૨૧
૮. ગુણાતીતાનંદ સ્વામીને તેડાવ્યાં. ૫/૪૨૨
૯. ઝાલાવાડના ખોલડિયાદ ગામથી આવેલ ખેંગારભક્તનો સંકલ્પ મહારાજે પૂરો કર્યો. ૫/૪૨૯

**૨. રામદાસ સ્વામીનું ધામગમન :**

૧. રામદાસ સ્વામી ધામમાં જવાનો સંકલ્પ કરે છે. ૪/૧૯૮
૨. મારે મહારાજની પૂજા કરવી છે. ૪/૧૯૯
૩. આ શ્રીહરિ સર્વોપરી છે તેમનાથી પર કોઈ નથી. ૪/૨૦૦
૪. રામદાસ સ્વામી ધામમાં જાય છે. ૪/૨૦૧

**૩. લોયામાં શાકોત્સવ :**

૧. સુરાખાચરનો આપત્કાળ ૪/૨૩૮
૨. મહારાજ લોયામાં ૪/૨૪૨
૩. શાકોત્સવની પરંપરા ૪/૨૪૯
૪. અઢાર મણ ઘીનો વઘાર ૪/૨૫૦-૨૫૧
૫. જેને સત્સંગ પ્રત્યે આત્મબુદ્ધિ નથી, તે સત્સંગ બહાર જ છે. ૪/૨૫૧
૬. અમને તમારા જેવી રસોઈ બનાવતાં ન આવડે. - સંતો તો આપણું ઘર કહેવાય. ૪/૨૫૨

**૪. અંગ્રેજો અને શ્રીજીમહારાજ : (કોઈપણ ત્રણ પ્રસંગો)**

૧. મિ. એરન સાહેબની અમદાવાદમાં મંદિર કરવાની વિનંતી. ૪/૨૯
૨. અમદાવાદ નવાવાસ પાસેની ખાલી જમીનની મિ. એરન સાહેબ પાસે માંગણી. ૪/૨૯
૩. મિ. એરન સાહેબ માટે મહારાજના ઉદ્‌ગારો. દૈવી સંપત્તિના પુરુષો છે એટલે ધર્મને પોષણ મળે છે. ૪/૧૬૮
૪. અમદાવાદમાં મંદિર માટે વિશેષ જગ્યા જોઈતી હોય તો આપવાની મિ.એરનની તૈયારી - તેમના પછી આવનાર મિ. ડનલોપને પણ મહારાજના કાર્યમાં સહકાર આપવાની ભલામણ ૪/૧૭૨
૫. અમદાવાદ મંદિરની મૂર્તિપ્રતિષ્ઠાના ઉત્સવમાં મિ. ડનલોપે ઉતારા માટે તંબુઓ અને રાવટીઓ મોકલ્યા. ૪/૩૨૧
૬. ભરૂચની સહકારી કચેરીના અમલદારોને મહારાજ અને તેમના કાર્ય પ્રત્યે અનુરાગ હોવાથી 'રેવા' (નર્મદા) ઉતરવા ચાર વહાણોનો પરવાનો તરત જ આપ્યો. ૫/૨૫
૭. સુરતમાં એરન સાહેબને બંગલે મહારાજની પધરામણી ૫/૪૩-૪૪
૮. મુંબઈ ઈલાકાના મદદનીશ રાજ્યપાલ (ગવર્નર) મિ. હોલ્ફર્ડ મહારાજને અર્પણ કરેલી અકીકના પથ્થરની માળા. ૫/૧૫૧
૯. અમદાવાદમાં એડવર્ડ લેઈટન જેકિન્સનના આમંત્રણથી તેના બંગલે મહારાજ પધાર્યા. ૫/૮૦
૧૦. મુંબઈના ગવર્નર સર જહોન માલ્કમ સાહેબે રાજકોટમાં મહારાજ સાથે મુલાકાત માટે કરેલો પત્રવ્યવહાર. ૫/૩૬૮
૧૧. આપને એકાંતમાં જ મળવું છે. - માલ્કમ સાહેબ - શ્રીજીમહારાજને ૫/૩૮૫

૧૨. આપે જે શિક્ષાપત્રી આપી તે હજાર ઘોડાની ભેટ બરાબર છે. - શ્રીજીમહારાજને. ૫/૩૮૬

**પ્ર.૭ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (કુલ ગુણ : ૧૮)**

> ☞ **નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસા આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા,સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ,અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**૧. B.A.P.S. ના વિકાસમાં ઉત્સવોનું યોગદાન : ૧.** ઈ.સં. ૧૯૦૭માં સ્થપાયેલ B.A.P.S. સંસ્થા વિકાસની હરણફાળ ભરતી આજે શતાબ્દીની ઊજવણી કરી રહી છે. આ વિકાસના અનેક પરિબળો છે. પરંતુ તેમાં ઉત્સવોનું યોગદાન પણ અપૂર્વ. **૨.** શાસ્ત્રીજી મહારાજે વરતાલ સંસ્થાથી પ્રયાણ કર્યું ત્યારે મુઠ્ઠીભર સંતો અને ગણ્યા ગાંઠ્યા હરિભક્તો - શાસ્ત્રીજી મહારાજ દ્વારા ઉત્સવો-સમૈયાની ઉજવણી - હરિભક્તો સમૈયામાં આવે, અન્ય મુમુક્ષુઓ આવે, કથા-કીર્તન, ભક્તિ અને શાસ્ત્રીજી મહારાજના વર્તન અને શિસ્તથી પ્રભાવિત - ઉત્સવોની ઉજવણીથી હરિભક્તો વધ્યા. **૩.** યોગીજી મહારાજે પણ અનેક ઉત્સવો ઉજવ્યા. આફ્રિકા, લંડનની ધરતી પર ધર્મ પ્રવાસ કરી, ઉત્સવો ઉજવી B.A.P.S.ના વિકાસને આગળ ધપાવ્યો. **૪.** પ્રમુખસ્વામી દ્વારા ધર્મધુરા સંભાળ્યા બાદ અનેક ઉત્સવોની ઉજવણી - ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી, યોગીજી મહારાજની શતાબ્દી, અમૃતમહોત્સવ વગેરે ઉત્સવોની ઊજવણીમાં અનેક મુમુક્ષુઓએ સ્વામિનારાયણ નગરની મુલાકાત લીધી - પ્રભાવિત થયા અને સત્સંગી થયા. **૫.** ઉત્સવોમાં વ્યસન મુક્તિ - સ્વામીશ્રીની સાધુતા - આપણી વ્યવસ્થા, આયોજન, શિસ્ત, કથા, સેવા, ભક્તિ, સમર્પણથી પ્રભાવિત થયેલ મુમુક્ષુઓ સત્સંગમાં ભળ્યા અને સત્સંગનો ઝડપી વિકાસ - સંસ્થાની શતાબ્દીની ઉજવણી - ઉપસંહાર

**૨. વિદેશમાં B.A.P.S. ના વિકાસમાં પ્રમુખસ્વામી મહારાજનું યોગદાન : ૧.** B.A.P.S.- બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના આદ્યસ્થાપક શાસ્ત્રીજી મહારાજ - ખૂબ ભીડો વેઠીને પ્રચંડ પુરુષાર્થ કરીને સંસ્થાની સ્થાપના - નિર્ગુણસ્વામીએ પત્રો લખીને તથા શ્રીહરમાનભાઈ, શ્રીમગનભાઈએ શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી વિદેશમાં સત્સંગના પાયા નાખ્યા. **૨.** યોગીજી મહારાજે વિદેશમાં ત્રણ ધર્મ પ્રવાસ યોજીને સંસ્થા વિકાસના પાયા મજબૂત કર્યા (પ્રસંગો) **૩.** પ્રમુખસ્વામી મહારાજ દ્વારા ધર્મધુરા સંભાળ્યા બાદ અનેક વખત વિદેશમાં ધર્મપ્રવાસ - ઉત્તરોત્તર સંપ્રદાયનો ફેલાવો - આફ્રિકા - લંડનમાં, અમેરિકામાં સત્સંગનો સારો પ્રચાર - પ્રસાર (પ્રસંગો) **૪.** લંડનનું મંદિર, આફ્રિકાના હરિમંદિરો, શિખરબદ્ધ મંદિરો, અમેરિકામાં તેમજ વિદેશના અન્ય સ્થાનોમાં પણ હરિમંદિરો તથા શિખરબદ્ધ મંદિરોનું નિર્માણ **૫.** સત્સંગનો વ્યાપ વધતાં મંદિરોની જરૂરિયાત - મંદિરોનું નિર્માણ થવાથી અનેક ભક્તો, મુમુક્ષુઓ દર્શને આવે- સ્વામીશ્રીનું અણિશુદ્ધ વર્તન, સાધુતા પંચવર્તમાનની દઢતા, સ્વયંસેવકોની શિસ્ત, સંતો-હરિભક્તોનો સંપ વગેરેને કારણે મુમુક્ષુઓને આકર્ષણ (પ્રસંગો) **૬.** ઉત્સવો, સમૈયાઓ દ્વારા સ્વામીશ્રીએ અસહ્ય ભીડો વેઠીને સાધુતાથી હરિભક્તોને, મુમુક્ષઓને ખૂબ રાજી કરીને B.A.P.S.ના વિકાસમાં અપૂર્વ યોગદાન આપ્યું .

**૩. સર્વ સાધનાઓની ફળશ્રુતિ : ભગવાન અને સંતમાં પ્રીતિ : ૧.** પૂર્વભૂમિકા **૨.** વચનામૃતના આધારે **૩.** સ્વામીની વાતોના આધારે **૪.** અન્ય શાસ્ત્રોને આધારે **૫.** કીર્તનો - શ્લોક કે સાખી. તેને અનુરૂપ પરોક્ષ અને ગુરુપરંપરા દૃષ્ટાંત - ઉપસંહાર

❑ ❑ ❑